ડીસામાં નવિન શોપિંગ સેન્ટર મામલે ૧૩ વિરૂધ્ધ ડીસા કાર્ટમાં ફરીયાદ

ડીસાના મે.ચીફ.જ્યુડી.મેજી. દ્વારા સી.આર.પી.સી. કલમ ૨૦૨ અન્વયે કેશની તપાસનો અહેવાલ ૬૦ દીવસમાં કોર્ટમાં રજુ કરવા શહેર પોલીસને આદેશ

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૫

ડીસામાં શહેર મધ્યે આવેલ અને જ્યોર્જ ટોકીજની બાજુમાં મોકાની જગ્યા પર તાજેતરમાં જાણીતા બિલ્ડર ગ્રુપ દ્વારા મોટુ શોપિંગ સેન્ટર બનાવવામાં આવ્યું હતું. આ શાપિંગ સેન્ટર વાળી જગ્યામાં પોતે ૧૯૮૮ની સાલથી ભાડેથી ધરાવતી દુકાન બિલ્ડર લોબી તેમજ ડીસા નગરપાલિકા ટાઉનપ્લાન્ટ ચેરમેન તથા ચીફ ઓફીસર ડીસા તથા સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ ડીસા તેમજ સબ રજીસ્ટર ડીસાના ગુનાહીત મેળાપી પણાએ એક-બીજાની મદદગારીએ કોર્ટનો કાયમી મનાઈ હુકમ હોવા છતા બથામણીયા કબજે પડાવી લીધેલ હોવાના ગંભીર આક્ષેપો વાળી એક ફરીયાદ ડીસાના ચીફ જ્યુડી મેજીસ્ટેટ સમક્ષ દાખલ કરાઈ હતી. જેમાં નામદાર જજે ફરીયાદીની ફરીયાદ સી.આર.પી.સી. કલમ ૨૦૨ મુજબ હાથ ઉપર લઈ આ કેશની તપાસ અહેવાલ દીન ૬૦માં કોર્ટમાં રજુ કરવા ડીસા પોલીસને આદેશ કરતા બિલ્ડર લોબીમાં ચકચાર મચેલ છે.

આ ઘટનાની ડીસા નામદાર કોર્ટમાં ફરીયાદીએ દાખલ કરેલ ફરીયાદની વિગતો જોઈએ તો ફરીયાદી સોમાજી ઉકાજી કચ્છવા રહે. જ્યોર્જ ટોકીજ પાસે ડીસાવાળાઓએ ડીસાના એડી. ચીફ. જ્યુડી. મેજીસ્ટ્રેટ ડીસા સમક્ષ ગત તારીખ ૨૭-૧૨-૨૦૧૨ના રોજ ક્રિમીનલ ઈન્કવાયરી નંબર ૨૩૯/૨૦૧૨થી દાખલ કરેલ ફરીયાદમાં જાહેર કર્યુ હતું કે તેઓ સને ૧૯૮૮ની સાલમાં શેરાબાનુ બમનશાહ કરંજીયાની માલીકીનું જ્યોર્જ ટોકીજ પાસેનં ઘર નં. ૫૩૯/૬ વાળુ મકાન ૫૦૦ રૂપિયા ભાડેથી રાખ્યું હતું. જેમાં આ મિલકતમાં સીવીલ મેટર દાખલ થતા નામદાર કોર્ટે ફરીયાદી સોમાજી કચ્છવા તરફે કાયમી મનાઈ હુકમ આપ્યો હતો. જોકે તે બાદ આ મિલકતનો દસ્તાવેજ અલગ-અલગ વ્યક્તિઓના નામે થયો હતો. ફરીયાદી સોમાજી કચ્છવાએ એવુ પણ ફરીયાદમાં જાહેર કરેલ કેઆ મીલકતમાં કાયમી મનાઈ હુકમ હોવા છતા અન્યોએ ગેર કાયદેસર તેમની મિલકતમાં પ્રવેશ કરી મજુરો મારફતે હીરાની ઘંટીઓ સહીતનો બે લાખનો મુદ્દામાલ તથા ૩ લાખનું મિલકતને નુકશાન પહોંચાડયું હતું. ફરીયાદીએ આ ફરીયાદમાં ગંભીર પ્રકારના આક્ષેપો સાથે એવુ જાહેર કરેલ કે સામાવાળાઓએ ખોટા દસ્તાવેજો ન્યાયની કોર્ટમાં રજુ કરી નામદાર ડીસા કોર્ટમાં ખોટા દસ્તાવેજોને સાચા દસ્તાવેજો જણાવી ખોટી રીતે સોગંધ ઉપર જાહેર કરી ખોટુ એકરાર નામુ કરી એક-બીજાના મેળાપી પણામાં આઈ.પી.સી. કલમ ૧૨૦(બી), ૧૬૭,૧૮૧,૧૮૪૧૯૧,૧૯૨, ૧૯૩ ,૧૯૬, ૧૯૯, ૨૦૦, ૪૦૪, ૪૨૭, ૪૬૪, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૦, ૪૭૧, તથા ૪૭૭(ક) મુજબના ગંભીર ગુનાઓ કરેલ હોઈ આરોપીઓ વિરૂધ્ધ મારી કાયદેસરની ફરીયાદ છે.

આમ ઉપર મુજબની આક્ષેપો વાળી ફરીયાદ ડીસા કોર્ટમાં રજુ થતા અને ફરીયાદી માળી સોમાજી કચ્છવાએ તેમાં આરોપીઓ તરીકે જાણીતા બિલ્ડરો સહીત જેતે વખતના સબ રજીસ્ટાર ડીસા, ડીસા પાલિકા, ટી.પી. કમીટી ચેરમેન તેમજ ચીફ ઓફીસર ડીસા નગરપાલિકા અને સીટી સર્વે ડીસા વિગેરે પર ગંભીર પ્રકારના આરોપો મુક્તા આ સમગ્ર મામલો ચકચારી બનેલ છે. જોકે આ મામલે ડીસા શહેર પોલીસની તપાસ બાદજ આ આક્ષેપો કેટલા સાચા છે. તે બાબત બહાર આવવાની હોઈ આ સમગ્ર મામલો હાલ ઉંડી તપાસનો વિષય બનેલ છે.

મોડાસા તાલુકાના સરૂરપુર ગામે

ઈંટોના ભઠ્ઠાની ચીમની ધસી પડતાં એકનું મોત, ૧૭ ઘવાયા

ગત રાત્રે સરૂરપુર ખાતે ઈંટોની ભઠ્ઠીની નવી સીઝનમાં મુહૂર્ત કરવાના સમયે દુર્ઘટના સર્જાઈ

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં મોડાસા તાલુકાના શિણાવાડ નજીક સરૂરપુર ગામે ઈંટો પાડવાના ભઠ્ઠાની ઊંચી ચીમની ગત રાત્રે એકાએક ધરાશયી થતાં ચીમની નીચે ઉભેલા મજુરો પૈકી ૧૮ ઘવાતાં એકનું સારવાર દરમિયાન મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં મોત થયું હતું. જ્યારે અન્ય ૧૭ ઈજાગ્રસ્તોને મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાંથી ગંભીર ઈજાગ્રસ્ત બે મજુરોને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ છે.

મોડાસા ગ્રામ્ય પોલીસ મથક હેઠળના શિણાવાડ ગામ નજીક સરૂરપુર ગામે ઈંટોની ભઠ્ઠીની ચીમની અકસ્માતે એકાએક ધસી પડી હતી. જેના કારણે ચીમની નીચે ઉભેલા મજુરો દટાતાં તે પૈકી એકનું સારવાર દરમિયાન મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં મોત થયું હતું. હાલ અન્ય ૧૭ઘવાયેલાઓ જે મોડાસાની સાર્વહોસ્પિટલમાં સારવાર હેઠળ છે તે પૈકી બે ગંભીર ઈજાગ્રસ્તોને અમદાવાદ સિવિલ હોસ્પિટલે વધુ સારવાર અર્થે ખસેડાયેલ છે. ઘટનાની જાણ થતાં રાત્રે જ મોડાસા રૂરલ પો.સ.ઈ. આર. વી. દેસાઈ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. અને મોતને ભેટેલા એક યુવાનના બનાવ સંદર્ભમાં મોડાસા રૂરલ પો.મથકે અકસ્માત મોત, એ.ડી. સી.આર.પી.સી. ૧૭૪ મુજબ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવમાં મોતને ભેટેલા યુવાન રમેશભાઈ હીરાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૪૦) જે મોડાસાનો રહીશ હતો. મોડાસાના દિનેશભાઈ ધુળાભાઈ પ્રજાપતિનો આ ઈંટોનો ભઠ્ઠો સરૂરપુર ગામે ચાલુ કરવા મુહૂર્ત કરવાના સમયે જે આ આકસ્મિક ઘટના બની હતી.

ડીસા તાલુકા ખાતે હોમગાર્ડ ભરતી મેળો આવતીકાલે યોજાશે

બનાસકાંઠા જીલ્લા હોમગાર્ડઝના જિલ્લા કમાન્ડન્ટ આર.એમ પંડ્યાના આદેશ મુજબ હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા ખાતે ડીસા શહેર તેમજ ડીસાથી ૮.કિ.મી વિસ્તારમાં રહેતા સ્થાનિક ઉમેદવારો માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેથી હોમગાર્ડઝમાં ભરતી થવા ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ ધોરણ-૭ પાસ કેતેથી વધુ, ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ કેતેથી વધુ, વજન ૫૦ કિ.ગ્રા કે તેથી વધુ, તેમજ ૧૮ થી ૫૦ વર્ષની વય મર્યાદા ધરાવતા નિષ્કામ સેવાના ઉમદા વિચારોવાળા ઉમેદવારોએ આવતી કાલે તા.૭ જાન્યુઆરીને સોમવાર ના રોજ સવારે ૮.૦૦ કલાકેસ્પોર્ટસ ક્લબ, ડીસા ખાતે રેશનકાર્ડ, લીવીંગ સર્ટી, ચુંટણી કાર્ડ, અભ્યાસના પ્રમાણપત્રો (અસલ તથા પ્રામાણીત કરેલ બેનકલ) તેમજ બે પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે હાજર રહેવું. ભરતી અંગેની વધુ જાણકારી માટે સાંજે ૬.૦૦ વાગ્યા પછી ડીસા સીટી પોલીસ સ્ટેશન સામેની યુનિટ કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો તેમ હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાની અખબારી યાદીમાં જણાવાયું છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ભરૂચ ખાતે જૈન સમાજના પૂ. સાધ્વીજી ભગવંતોની અકસ્માતે હત્યા ગિરનારની પૂજય સાધુ ભગવંત પર થયેલ હૂમલાઓ અને ભૂતકાળમાં પણ અનેક સાધુ-સાધ્વીઓના અકસ્માતમાં મૃત્યુના બનાવોના પગલે આજે બનાસકાંઠાના પાલનપુરમાં જૈન સમાજના બંધુઓએ કાળી પટ્ટી બાંધી વિશાળ મૌન રેલી યોજી હતી. જેમાં સમાજના અગ્રણીઓ હસમુખભાઈ, સુરેશભાઈ, દિલીપભાઈ વિગેરે હાજર રહ્યા હતાં.

વિદ્યાનગરીનું ગૌરવ

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે સ્કુલ ઓફ સાયન્સ, વિદ્યાનગરી, મા. શિક્ષણ બોર્ડ દ્વારા નવેમ્બર ૨૦૧૨માં લેવાયેલ વિજ્ઞાન પ્રવાહ ધોરણ-૧૧ પ્રથમ સેમેસ્ટર સ્કુલ ઓફ સાયન્સ વિદ્યાનગરી હિંમતનગરનું પરિણામ ૯૫.૭૮ ટકા આવતા શાળામાં આનંદ છવાયો હતો. જેમાં પંડયા અંકિતાબેન વસંતભાઈ ૯૫.૭૬ ટકા પર્સન્ટાઈલ એ રેન્ક સાથે પ્રથમ, પ્રજાપતિ પ્રગતિબેન રાજુભાઈ એ-ટુ બીજા સ્થાને, પટેલ નિકુંજ ચિમનભાઈ ૮૯.૫૯ ટકા સાથે ત્રીજા ક્રમે આવેલ છે. શાળાના ૧૫ જેટલા વિદ્યાર્થીઓ ૮૦ ટકા પર્સન્ટાઈલ સાથે ઉત્તીર્ણ થયેલ છે. જીવ વિજ્ઞાન વિષયનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે. ૧૮ વિદ્યાર્થીઓ ૮૦ ટકા કરતા વધુ ગુણ મેળવેલ છે. ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને સંચાલક મંડળના પ્રમુખ ડી.એલ. પટેલ નિયામક આર.બી. રાવલ અને આચાર્ય તુલસીભાઈ વ્યાસ સાહેબે અભિનંદન પાઠવ્યા હતા. શાળાનું સેમેસ્ટર ત્રણનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે.

રોટરી ક્લબ ડીસા દ્વારા રોટરી યુથ લીડરશીપ એવોર્ડ ત્રિદીવસીય સેમીનાર યોજાયો

ડીસા, તા. ૫

રોટરી ક્લબ ડીસા દ્વારા ડીસ્ટ્રીક્ટ રાયલા ૨૦૧૩ તારીખ ૪ થી ૬ જાન્યુઆરી ૨૦૧૩, ત્રીદવસીય રેસીડેન્સીયલ સેમીનાર સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રીકલ્ચર યુનીવર્સીટી ના સહયોગ દ્વારા સરદાર સ્મૃત્તિ કેન્દ્ર ભવન, યુનિવર્સિટી કેમ્પસ દાંતીવાડા ખાતે યોજાયો હતો. આ સેમીનાર નો યુનીવર્સીટી ના વાઈસ ચાન્સલર ડૉ.કે. શ્રીધર, રોટરી ડીસ્ટ્રીક્ટ ૩૦૫૦ ના ગવર્નર રોટે. આષિશ દેસાઈ, આસીસ્ટન્ટ ગવર્નર રોટે. અજીતભાઈ અગ્રવાલ અને રોટરી પ્રમુખ રોટે. મહેશભાઈ ભણશાલી, રોટરી સેક્રેટરી રોટે. ઓમપ્રકાશ વારડે, રાયલા ચેર રોટે. ડૉ.કિશોરભાઈ આઝ્નાની, રાયલા સેક્રેટરી ઓનરરી રોટે. ડૉ.એસ.ટી.કોટક, રાયલા કમીટી ચેર રોટે. રાનૂબેન ગાંધી તથા આમંત્રિત મહેમાનો અને રોટેરિયન્સ ની હાજરી માં દીપ પ્રગટાવી આરંભ કરવામાં આવ્યો હતો.

સેમીનાર માં રોટરી ક્લબ ડીસા દ્વારા રાષ્ટ્ર કક્ષાએ નામના ધરાવતા પ્રશિક્ષકો દ્વારા યુવાનોને તાલીમ આપવામાં આવી હતી. જેમાં સંકલ્પ દ્રશ્ટી, વિશ્વસનિયતા, સ્વાનુભવ, વ્યક્તિત્વ વિકાસ, કાર્ય અગ્રેસરતા, સંપર્ક વ્યવહાર ની તાલીમ સાથે ખડક ચઢાણ અંગે માહીતી અને અનુભવ વગેરે બાબતો કેન્દ્ર સ્થાને હતી. સમગ્ર રોટરી ડીસ્ટ્રીક્ટ ૩૦૫૦(ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ) માંથી આ સેમીનારમાં યુવકો અને યુવતીઓ કુલ ૧૧૬ યુવાનો જોડાયા હતા.

તલોદ કોલેજનું ગૌરવ

તલોદ,તા. ૫

હેમચંદ્રચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તલોદ કોલેજ કેમ્પસમાં એચ.પી. આર્ટસ અને ટી.એસ.એમ. કોમર્સ કોલેજના યજમાન પદે વેઈટ લીફટીંગ,પાવર લીફટીંગ તથા બેસ્ટ ફિઝીકસની વિવિધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં તલોદ કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી નંબર મેળવ્યા હતા અને કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

તલોદ કોલેજ ખાતે આયોજીત વેઈટ લીફટીંગમાં નિશાંત જગતસિંહ સોલંકીએપ્રથમ તથા વેઈટ લીફટીંગ અને પાવર લીફટીંગમાં રાજુ ઈશ્વરભાઈ રાવળે પ્રથમ નંબર મેળવી ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં રમવા પસંદગી પામ્યા છે.જેબદલ વિજેતા ખેલાડીઓને આચાર્ય ડૉ. જે.સી. પટેલ તથા નિયામક રંગુસિંહ સોલંકી અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

સાબરકાંઠા જિલ્લામાં બે માર્ગ અકસ્માતમાં બે ના મોત

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લામાં આજે સર્જાયેલા બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં બે વ્યકિતના કરૂણ મોત નિપજયા હતા. જે બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલિસ અને ભિલોડા પોલીસે અલગ અલગ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર તાલુકાનાં લાલપુર ગામની સીમમાં વિજાપુર-હિંમતનગર માર્ગપર મોડી રાત્રે ૧૧ વાગ્યાના સુમારે વિજાપુર તરફથી આવતા એક અજાણ્યા વાહન ચાલકે બેદરકારી પૂર્વક પોતાનું વાહન હંકારી ૨૫ વર્ષીય રાહદારીને જોરદાર ટકકર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે બાદ યુવકનું કરૂણ મોત નિપજયું હતું. જયારે અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી વાહન લઈ ફરાર થઈ ગયો હતો. આ અંગે મૃતકના પરિવારજન હીફજુરભાઈ ખરોડીયાએહિંમતનગર ગ્રામ્ય પોલિસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી ફરાર અજાણ્યા વાહન ચાલકોની શોધખોળ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં ભિલોડા તાલુકાના ધોલાણી ત્રણ રસ્તા નજીક શામળાજી માર્ગ પર સાંજના સુમારે ધુળાભાઈ કોદરભાઈ પટેલે પોતાનું બાઈક નં. જીજે-૯ એ.આર. ૪૪૯૦ને પુરપાટ ઝડપે હંકારી રાહદારી ડાહ્યાભાઈ અબબાભાઈ ડાભીને અડફેટે લઈ મોત નિપજાવ્યું હતું. જે અંગે ભલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસા રેલવે સ્ટેશન સરકારી માલ ગોડાઉન જવાના માર્ગ છેલ્લા ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાં છે જેના લીધે આ ગોડાઉન ઉપરથી સસ્તા અનાજના દુકાનદારો દ્વારા લઈ જવાતા માલના વાહનો ફસાઈ જાય છે અને આસપાસની ફેકટરીવાળા અહીં કચરાના ઢગ કરી ગંદકી કરી રહ્યા છે. (તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

મહેસાણામાં આર.ટી.ઈ. તાલિમ શિબિર યોજાઈ

હિંમતનગર, તા.૫

મહેસાણાના શોભાસણ ખાતે આવેલી આદર્શ પ્રાથમિક શાળામાં જનવિકાસ સંસ્થા દ્વારા મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ (આર.ટી.ઈ.) અંતર્ગત તાલિમ શિબિર યોજાઈ હતી. જેમાં ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

આ તાલિમ શિબિરમાં રાઈટ ટુ એજયુકેશન કાયદાની માહિતી, સરકારી શાળામાં આર.ટી.આઈ એક્ટ ૨૦૦૯નું પુરેપુરું પાલન કરવું, માળખાકીય સુવિધામાં વધારો કરવા અને શિક્ષણ વધુ ગુણવત્તાસભર બનાવવા જેવા અનેક મુદ્દે માહિતી આપવામાં આવી હતી.

આ શિબિરમાં જન વિકાસ સંસ્થાના એજયુકેશન કો ઓર્ડીનેટર મુજાહિદ રહીશ, અબ્દુલ સોહબ અંસારી, યુસુફભાઈ સાબુગર વગેરે હાજર રહ્યા હતાં.

મદ્રેસા હાઈસ્કુલનું ગૌરવ

શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહના પ્રથમ સેમેસ્ટર હિંમતનગર કેન્દ્રમાં ત્રણ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવેલ છે. જેમાંથી બે મદ્રેસા હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું છે. નવેમ્બર માસમાં લેવાયેલ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ સેમેસ્ટરમાં એ-૧ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયેલ મદ્રેસા હાઈસ્કુલના વિદ્યાર્થી ગુરાનીખાતુન અબ્દુલ લતીફ વડાલવાળાએ ૯૮.૯૬ ટકા અને મોમોઈન એમ. લાલાએ ૯૮.૮૮ ટકા ગુણ મેળવી મદ્રેસા હાઈસ્કુલનું ગૌરવ વધારતાં આચાર્ય ઝહરભાઈ મુતવલ્લી, શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮